૮૦૨/૯૩૦

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૨૪ જૂન, ૨૦૧૨)

(સમય : બપોરે ૨ : ૦૦ થી ૫ : ૦૦) **સત્સંગ પ્રાજ્ઞ - ૨ : પ્રશ્નપત્ર - ૨**

નોંધ :- જમણી બાજુએ આપેલા અંક જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે. (કુલ ગુણ : ૧૦૦)

### વિભાગ - ૧ : 'બ્રહ્મવિદ્યાનું દર્શન' નવી આવૃત્તિના આધારે

**પ્રશ્ન. ૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૬]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. પ્રસ્થાનત્રયી
(૧) ☐ ગીતા (૨) ☐ બ્રહ્મસૂત્ર
(૩) ☐ ભાગવત (૪) ☐ ઉપનિષદ્

૨. સર્વકર્તા સમજવાથી લાભ
(૧) ☐ રાજીપાનું સાધન (૨) ☐ સ્નેહનું કારણ
(૩) ☐ કલ્યાણકારી ગુણ આવ્યાનું કારણ (૪) ☐ ભગવાનને ગમતા થવાનો ઉપાય

૩. ઈશ્વરનું સ્વરૂપ
(૧) ☐ દેહ - વિરાટ, સૂત્રાત્મા, અવ્યાકૃત (૨) ☐ અવસ્થા - જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ
(૩) ☐ સંજ્ઞા - વિશ્વાભિમાની, તૈજસાભિમાની, પ્રજ્ઞાભિમાની (૪) ☐ અલ્પજ્ઞ

**પ્રશ્ન. ૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. બ્રહ્મ અને પરબ્રહ્મ અનાદિથી જ નિત્ય પરમ સ્નેહને કારણે કેવા સંબંધથી જોડાયેલાં છે ?
૨. વચ.કા.૧૦ પ્રમાણે કોનું કર્યું સર્વે થાય છે ? અને કોનું કર્યું થતું નથી ?
૩. સ્વામીની વાતો ૬/૨૫૭ પ્રમાણે ક્યારે મજકૂર મળ્યું કહેવાય ?
૪. 'સ્વામિનારાયણ' શબ્દ મહામંત્રરૂપે કોનો નિર્દેશ કરે છે ?
૫. શ્રીજીમહારાજનું અસાધારણ કાર્ય શું હતું ?

**પ્રશ્ન. ૩ પ્રમાણ પરથી વિષયનું શીર્ષક આપો.** [૫]

**ઉદાહરણ :-** "બ્રહ્મરૂપ થકો પ્રત્યક્ષ ભગવાનની ભક્તિ ચંદન, પુષ્પ, શ્રવણ મનનાદિકે કરીને કરે." (લોયા - ૭)
**ઉત્તર :-** બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની ભક્તિ - ઉપાસના કરવાનો આદેશ

૧. અક્ષરધામમાં અક્ષરમુક્તનું ભિન્ન વ્યક્તિત્વ અને અસ્તિત્વ રહે છે.
૨. પ્રત્યેક શરીરમાં રહેનાર જીવ સ્વરૂપતઃ ભિન્ન છે.
૩. દેહને વિશે અહંબુદ્ધિ ને દેહ સંબંધી પદાર્થને વિશે મમત્વબુદ્ધિ એ જ માયા છે.
૪. જે ભગવાન છે, તે તેજોમય એવું જે પોતાનું અક્ષરધામ તેને વિશે સદા સાકારમૂર્તિ થકા વિરાજમાન છે.
૫. ભગવાન છે તે એકડો છે ને સાધન છે તે મીંડાં છે.

**પ્રશ્ન. ૪ નીચે આપેલા વિષયના ફક્ત તમામ મુખ્ય મુદ્દાઓ જ લખો.** [૪]

**ઉદાહરણ :-** અક્ષરરૂપ - બ્રહ્મરૂપ થવા માટે
**ઉત્તર :-** ૧. બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની ભક્તિ - ઉપાસના કરવાનો આદેશ ૨. અક્ષરરૂપ - બ્રહ્મરૂપ થવાની અનિવાર્યતા
૩. અક્ષરરૂપ થવા અક્ષરબ્રહ્મની અનિવાર્યતા

૧. પાંચ નિત્ય તત્ત્વો
૨. જીવનું સ્વરૂપ અને તેના ગુણધર્મો

**પ્રશ્ન. ૫ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (પંદરેક લીટીમાં)** [૧૦]

૧. મુક્તિ મીમાંસા : બંધનનું સ્વરૂપ **અથવા** ૨. શ્રીજીમહારાજ સર્વોપરી : સમાધિ પ્રકરણ અને લક્ષાવધિ મનુષ્યોનું નિયમન
૩. પ્રત્યક્ષ ભગવાનનો નિશ્ચય થવો મહાકઠણ **અથવા** ૪. પ્રલય-પ્રક્રિયા

**પ્રશ્ન. ૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર વિસ્તૃત નોંધ લખો. (પચ્ચીસ થી ત્રીસ લીટીમાં)** [૧૦]

૧. અક્ષરબ્રહ્મ તત્ત્વનું યથાર્થ નિરૂપણ
૨. વિભિન્ન પ્રકારના શ્રોતાઓ

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **"સત્સંગ પ્રાજ્ઞ-૨-૨"** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

વિભાગ - ૨ : 'બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત' વિસ્તૃત જીવનચરિત્રના આધારે

**પ્રશ્ન. ૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં)** [૧૨]

૧. ભગતજી થકી સ્વામીશ્રીનો નિશ્ચય પામેલા હરિભક્તો
૨. ગઢડા જલઝીલણીના સમૈયે ભગતજીની જ્ઞાનવાર્તા
૩. ભગતજી મહારાજનું ઐશ્વર્ય અને પ્રતાપ

**પ્રશ્ન. ૮ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા)** [૮]

૧. ભગતજી મહારાજ અને વિજ્ઞાનદાસ સ્વામી વચ્ચેનો સંબંધ.
૨. અજાતશત્રુ ભગતજી મહારાજ
૩. મહુવામાં બ્રહ્માનંદ.

**પ્રશ્ન. ૯ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું)** [૧૨]

૧. સર્વત્ર વિષાદની છાયા : ચતુરભાઈએ ખુલ્લો પક્ષ રાખ્યો.
૨. અમારે મથુરાના બ્રાહ્મણોની સમજણ ખપતી નથી.
૩. સોનાના સિંહાસન ઉપર બેસારી સોનાની આરતી ઉતારીએ તો પણ ઓછું છે.
૪. ભક્ષી ભર્યાની વાત
૫. કુરાનમાંના ચાર પ્રકારના પુરુષની ભગતજીએ કરેલી વાત

**પ્રશ્ન. ૧૦ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો.** [૮]

૧. ગોવિંદભાઈ માસ્તર (વડોદરા)  ૨. ધર્મતનયદાસ શાસ્ત્રી (ગોંડલ)

વિભાગ - ૩ : 'સ્વામીની વાતો'ના આધારે

**પ્રશ્ન. ૧૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. મોટા સદ્‌ગુરુ પણ શું જાણી શક્યા નથી ?
૨. અધર્મ સર્ગ માટે સ્વામી કઈ સાખી બોલ્યા ?
૩. મુમુક્ષુને કોના વિના સુખ કે શાંતિ થાય જ નહીં ?
૪. સત્સંગીના છોકરાં સામું જોઈને શું જણાય છે ?

**પ્રશ્ન. ૧૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (પાંચેક લીટીમાં)** [૬]

૧. મહારાજને પુરુષોત્તમ સમજવા ત્યાં જીવ કોની જેમ અટકે છે ?
૨. શો ઉપાય કરે તો સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં આવે ?
૩. સ્વામીની ભગવાનમાં અખંડવૃત્તિ

**પ્રશ્ન. ૧૩ નીચે આપેલા કોઈ પણ બેના દૃષ્ટાંત અથવા પ્રસંગ વર્ણવી તેનો સિદ્ધાંત લખો. (કુલ આઠેક લીટીમાં)** [૬]

૧. રેતીએ કરીને બાવળિયો સોરાઈ ગયો.
૨. પ્રકૃતિપુરુષ સુધી લઘુશંકાનો વ્યવહાર
૩. વૈકુંઠલોકમાં જય-વિજયે સનકાદિક સાથે વઢવેડ કરી.

**પ્રશ્ન. ૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર અભ્યાસક્રમની 'સ્વામીની વાતો'નું પ્રમાણ આપી સમજાવો.**
**(આઠ થી દસ લીટીમાં)** [૪]

૧. ગુણાતીતાનંદ સ્વામી : 'આ વાતુ તો સોનાના ખોરડા બાળીને સાંભળવા જેવી છે.'
૨. સ્વામીએ વરતાલની સભામાં કહ્યું કે 'શાસ્ત્રમાં જેને મૂળ અક્ષર કહ્યા છે તે હું છું.'
૩. લોજમાં નીલકંઠવર્ણીએ બાઈ-ભાઈની સભા નોંખી કરી.
૪. નારદજી ભગવાનનું મન કહેવાતા હતા છતાં વિશ્વમોહિની સાથે પરણ્યાનું મન થયું.

❋ ❋ ❋

**નોંધ :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૫ જુલાઈ, ૨૦૧૨ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**

☞ **અગત્યની જાહેરાત** **તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી website - link પરથી જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.**

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/**